# આકાશવાણી ભુજ

સમાચારવાચક: નેહલ ઠક્કર

કમ્પ્યુટરરાઈઝ : અમૃતા સીજુ

તારીખ :27-05-2024 સમય: સાંજે :૦6.25

## પંડિત જવાહરલાલ નહેરુ પુણ્યતિથિ

દેશના પહેલા પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નેહરુની આજે પુણ્યતિથિ છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે, કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી સહિતના નેતાઓએ શ્રી નેહરુના સમાધી સ્થળ શાંતિવનખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ સોસીયલ મીડિયા પોસ્ટ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

NATIONAL NEWS

---

## મુખ્યમંત્રી આગ દુર્ઘટના મુદ્દે બેઠક

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિવાસસ્થાને આજે રાજકોટ આગ દુર્ઘટના મુદ્દે બેઠક મળી હતી.

આ બેઠકમાં ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવી, મુખ્યસચિવ રાજકુમાર સહિત ઉચ્ચ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

આ બેઠકમાં રાજકોટ દુર્ઘટના અંગે મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવી અને રાજય પોલીસ વડા વિકાસ સહાય વચ્ચે પણ બેઠક યોજાઇ હતી . આ બેઠકમાં પણ રાજકોટ આગ દુર્ઘટનામાં પોલીસની ભૂમિકા સહિતના મુદ્દાઓ પર ચર્ચા થઇ હતી.

REGIONAL NEWS

---

## રાજકોટ અધિકારી ઓ ફરજ મોકૂક

રાજકોટ ગેમઝોન દુર્ઘટનામાં રાજ્ય સરકારે 7 અધિકારીઓને તાત્કાલિક અસરથી ફરજ મોકુફીના આદેશ આપ્યા છે.

રાજકોટમાં ટી.આર.પી. ગેમઝોન આગ દુર્ઘટનામાં જરૂરી મંજુરીઓ વિના શરૂ કરવા દેવાની ગંભીર નિષ્કાળજી અને ફરજક્ષતિ અંગે રાજ્ય સરકારે પોલીસ, મહાનગરપાલિકા અને માર્ગ-મકાન વિભાગના અધિકારીઓની જવાબદારી નક્કી કરીને તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી છે. TATKALIT તાત્કાલિત અસર થી ફરજ મોકૂક કરવામાં આવ્યા છે

REGIONAL NEWS --

---

## વડી અદાલત રાજકોટ દુર્ઘટના

રાજકોટ અગ્નિકાંડ ઘટનામાં સુઓમોટો દાખલ કર્યા બાદ ગુજરાત વડી અદાલતમાં સોમવારે પણ સુનાવણી હાથ ધરવામાં આવી છે. અદાલતે આ ઘટનામાં બેદરકારી બદલ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં અધિકારીઓ અને સ્થાનિક વહીવટીતંત્રની આકરી ટીકા કરી હતી.

REGIONAL NEWS

---

## મુન્દ્રા અદાણી પોર્ટ જહાજ

અદાણી પોર્ટસ અને સ્પેશિયલ ઇકોનોમિક ઝોન લિમિટેડના ફ્લેગશિપ મુંદરા પોર્ટે અત્યાર સુધીનું સૌથી મોટું કન્ટેનર જહાજ લાંગરીને વધુ એક રેકોર્ડ બનાવ્યો છે. એમએસસી અન્ના નામનું જહાજ ગઇકાલે મુંદરા પોર્ટ ખાતે ડોક કરવામાં આવ્યું હતું. આ ઘટના મુંદરા પોર્ટ જ નહીં, પરંતુ દેશના દરિયાઇ ઉદ્યોગ માટે પણ સિમાચિહ્નરૂપ છે. એમએસસી અન્નાની એકંદર લંબાઇ 399.98 મીટર છે. લગભગ ચાર ફૂટબોલ મેદાનની લંબાઇ જેટલું જહાજ છે. તે 19,200 કન્ટેનરની મહાકાય ક્ષમતા ધરાવે છે. એક ભારતીય બંદર પર અત્યાર સુધીમાં લાંગરવામાં આવેલું સૌથી તે મોટું કન્ટેનર જહાજ છે. તેનો ડ્રાફટ 16.3 મીટર છે, જેને ફક્ત મુંદરામાં જ સમાવી શકાય છે.

## શાળા પ્રવેશોત્સવ બાઇટ : સંજય પરમાર

હાલ શાળાઓમાં વેકેશન ચાલી રહ્યું છે. આ સાથે સાથે દેશમાં લોકસભાની ચૂંટણીનો પણ માહોલ છે, જેને લઈને આચારસંહિતા બાદ એટલે કે, આગામી તારીખ 27, 28 અને 29 જૂને ત્રણ દિવસ માટે શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કન્યા કેળવણી મહોત્સવ સાથે 21 મો શાળા પ્રવેશોત્સવ યોજાશે. આ અંગે જિલ્લા શિક્ષણ અધિકારી સંજયભાઇ પરમારે વિગતો આપતા આ પ્રમાણે જણાવ્યું હતું.

પરેશ મારૂ

-----------------------------------------------------------------------------------------------

## કુકમા ડેટ પામ કીટક મહોત્સવ

ખારેકમાં ઉપદ્રવ કરતા મુંડોને અટકાવવા માટે ખેડૂતોને તકેદારીના પગલા ભરવા માટે તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે. આ અંગે કુકમાના સેન્ટર ઓફ એક્સલેન્સ ફોર ડેટપામ તથા મુન્દ્રાના ખારેક સંશોધન કેન્દ્રના અધિકારીઓએ જણાવ્યું કે ખારેકમાં મુંડો કીટકનો ઉપદ્રવ છેલ્લા બે ત્રણ વર્ષથી વધારે જોવા મળે છે. આ જીવાત ખારેકના પાંચથી દસ વર્ષની ઉમરના ઝાડને નુકસાન પહોચાડે છે. જીવાતના ઉપદ્રવથી ઝાડના થડમાં જે જગ્યાએ નુકસાન જોવા મળે તે જગ્યાએથી થડને સાફ કરી જેટલી શક્ય હોય તેટલી ઇયળો બહાર કાઢી નાખવી જોઇએ. અને ત્યારબાદ ત્યાં ચીકણી માટીથી હવા ચુસ્ત રીતે બંધ કરી દેવી જોઇએ. સમયાંતરે દવાનો છંટકાવ કરવો જોઇએ.

પરેશ મારૂ

-----------------------------------------------------------------------------------------------